MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 01, June 2023

# ભારતીય અર્થતંત્રની મુખ્ય સમસ્યાઓ

*પરમાર ઉર્મિલાબેન ગોરધનભાઈ*

*શ્રી આર. પી. ચાવડા મહિલા કોલેજ,ભાટિયા*

**સારાંશ**

ભારતીય અર્થતંત્રમાં સુધારો કરવા અને તેમની સમસ્યાને હલ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અર્થતંત્રના વિકાસમાં અવરોધક પરિબળો જે દેશનો વિકાસ અટકાવે છે. અર્થતંત્રની મોટી સમસ્યા વસ્તી વધારો, ગરીબી, બેરોજગારી, આવકની અસમાનતા વગેરે છે. જે ભારતીય અર્થતંત્રની સમસ્યા છે.

***મહત્વના શબ્દો:*** *વિકાસશીલ, શ્રમિકો, ઉત્પાદન, આવક*

## પ્રસ્તાવના

ભારત વિકાસશીલ દેશ છે. તેથી ભારતીય અર્થતંત્રની પરિસ્થિતિ સારી નથી. એમ કહી શકાય. ભારતીય અર્થતંત્રમાં ઘણી બધી સમસ્યાઓ છે. જે અર્થતંત્રને નબળુ બનાવે છે. દેશના વિકાસમાં અવરોધ બને છે. જેનાથી ભારતની પ્રજાને યોગ્ય સુવિધાઓ પ્રાપ્ત થતી નથી. દેશનો વિકાસ થતો નથી. પ્રજાને સુખાકારી પ્રાપ્ત થતી નથી. લોકોના જીવનધોરણમાં સુધારો થતો નથી. આવી વિવિધ સમસ્યાઓ ભારતીય અર્થતંત્રમાં જોવા મળે છે. જેથી દેશનો વિકાસ થતો નથી.

## હેતુઓ

- ભારતીય અર્થતંત્રની મહત્વની સમસ્યાઓ દર્શાવવી.
- ભારતીય અર્થતંત્રની મહત્વની સમસ્યાઓનો અભ્યાસ કરવો.
- ભારતીય અર્થતંત્રની મહત્વની સમસ્યાઓનો વર્તમાનની દ્રષ્ટિએ અભ્યાસ કરવો.

### સંશોધનની પદ્ધતિ

- પ્રસ્તુત સંશોધન અભ્યાસનાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ અને ગૌણ માહીતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### ભારતીય અર્થતંત્રની મુખ્ય સમસ્યાઓ

### 1) ગરીબી

ભારતમાં ગરીબીનું પ્રમાણ વધારે જોવા મળે છે. કારણ કે ત્યાંના લોકો ખેતી પર આધારિત હોય છે. ખેતી માંથી વધારે આવક મળતી નથી. આવક ઓછી હોવાથી તે પોતાની જીવનજરૂરી પાયાની સુવિધાઓ મેળવી શકે છે. અર્થતંત્રમાં સુધારો થતો નથી. તેથી દેશમાં ગરીબી જોવા મળે છે. ગરીબીનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જાય છે. વસ્તીમાં વધારો થાય છે. વસ્તી વધતા બેકરીમાં વધારો થાય છે. બેકારી વધતા લોકોને જીવનજરૂરી વસ્તુઓ મળતી નથી. તેથી તે ગરીબ બને છે.ગરીબી અર્થતંત્રની સૌથી મોટી સમસ્યા છે. જ્યાં સુધી દેશના લોકોનો વિકાસ ન થાય ત્યાં સુધી દેશનો વિકાસ ન થાય. ગરીબી દુર કરીને દેશનો વિકાસ કરી શકાય છે.

### 2) કૃષિ ક્ષેત્રે પ્રગતિ

વર્ષ 1960 માં હરિયાળી ક્રાંતિ બાદ કૃષિક્ષેત્રે મોટા પ્રમાણમાં સુધારા થયા છે. પરંતુ ધારીએ તેટલી સિદ્ધિ મળી નથી. કારણ કે ભારતમાં રસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, સુધારેલ બિયારણનો ઓછો ઉપયોગ કરવામાં આવે છે. તેથી ઉત્પાદન ઘટે છે. આ સિવાય ખેતીક્ષેત્રે અનુભવી અથવા તાલીમી શ્રમિકોની અભાવ હોય છે. આથી યોગ્ય તાલીમ મળતી નથી. તેથી ખેતી પરનું ભારણ વધારે જોવા મળે છે. આમ, જરૂરિયાત કરતાં વધારે શ્રમિકો ખેતીક્ષેત્રે રોકાય છે. તેથી ઉત્પાદન ઘટાડો થાય છે. ઉત્પાદન ઘટતા પૂરતા પ્રમાણમાં અનાજ મળતું નથી. આ પણ એક સમસ્યા છે. આમ, કૃષિ પ્રગતિ ભારતીય અર્થતંત્રની સમસ્યા છે.

**3) વસ્તીનું પ્રમાણ**

ભારતીય અર્થતંત્ર માટે વસ્તી વધારો સૌથી મોટી સમસ્યા માનવામાં આવે છે. વસ્તી વધારાની સાથે પૂરતા પ્રમાણમાં ઉત્પાદનના સાધનો ઉપલબ્ધ નથી. તેથી વસ્તી વધારો ભારણરૂપ લાગે છે. ઘણા દેશો માટે વસ્તી વધારો આશીર્વાદ રૂપ બને છે. કારણ કે તે દેશો પાસે ઉત્પાદનના સાધનો બેકાર રહે છે. પરંતુ ભારત પાસે ઉત્પાદનના સાધનોની અછત જોવા મળે છે. તેથી વસ્તી વધારાની સાથે ઘણી સમસ્યા જોવા મળે છે. જેમાં બેકારી, ગરીબી, ભૂખમરો, પ્રદૂષણ, ગંદા વસવાટો વગેરે જેવી સમસ્યા જોવા મળે છે. આમ, વસ્તીનું પ્રમાણ પણ ભારતીય અર્થતંત્રની સમસ્યા બની રહે છે.

**4) વ્યાપક બેરોજગારી**

બેરોજગારીનો આધાર પણ વસ્તી વધારા પર રહેલો છે. વસ્તી વધારે હશે સામે તેટલા પ્રમાણમાં કામ ન હોય તો ઘણા લોકોને બેરોજગાર રહેવું પડે છે. બેરોજગાર વ્યક્તિ ગરીબાઈમાં જીવે છે. જો પૂરતા પ્રમાણમાં મૂડી ન હોય તો મૂડીરોકાણ થઇ શકે નહિ. મૂડીરોકાણ ન થાય તો ઉત્પાદન ન થાય. ઉત્પાદન ન થાય તો શ્રમિકો બેકાર બની રહે છે. આમ જ વસ્તી વધારો થશે અને બેરોજગારીમાં વધારો થશે તો માલથસના નિયમ મુજબ, " અનાજમાં સમાંતર શ્રેણીમાં વધારો થાય છે અને વસ્તી ગુણોત્તર શ્રેણીમાં વધે છે." તેથી ભૂખમરાની સ્થિતિ ઉત્પન્ન થશે. ભૂખમરાની સ્થિતિ અર્થતંત્રને નકારત્મક અસર કરે છે. જેનાથી ગરીબી અને બેરોજગારીમાં વધારો થાય છે. આમ, બેરોજગારી પણ ભારતીય અર્થતંત્રની સમસ્યા છે.

**5) ટેકનોલોજીનો નીચો સ્તર**

અન્ય દેશોની સરખામણીએ ભારતમાં નીચી ટેકનોલોજી જોવા મળે છે. વિકસિત દેશોની સરખામણીએ આપણો દેશની ટેકનોલોજી ખૂબ ઓછા પ્રમાણમાં કાર્યરત છે. કારણ કે ભારતમાં ટેક્નોલોજીનું જ્ઞાન ધરાવતા શ્રમિકો ખૂબ નાના પાયે છે. ટેકનોલોજી ઓછી હોવાથી મૂડીરોકાણ ઘટે છે. મૂડીરોકાણ ઘટવાથી ઉત્પાદન ઘટે છે. જેથી શ્રમિકો બેકાર રહે છે. અને ગરીબીનો સામનો કરવો પડે છે. તેથી અર્થતંત્રની સ્થિતિ નબળી બને છે. ભારતના

જે લોકો પાસે ટેકનોલોજીક્ષેત્રે જ્ઞાન ધરાવે છે. તે લોકો વધારે આવક કમાવવા માટે વિદેશ નોકરી કરે છે. તેથી દેશનો વિકાસ થતો નથી. તેથી ટેકનોલોજી ક્ષેત્રે ઓછો વિકાસ થાય છે. ટેકનોલોજીમાં વધારો કરીને ઉત્પાદન અને આર્થિક સુવિધામાં વધારો કરી શકાય છે. આમ, નીચી ટેકનોલોજી પણ અર્થતંત્રની એક મોટી સમસ્યા છે.

**6) અવિકસિત આંતરમાળખું**

આંતરમાળખાકીય સુવિધાઓમાં વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, આરોગ્યની સુવિધાઓ, શિક્ષણની સુવિધા વગેરે સુવિધાઓનો સમાવેશ આંતરમાળખાકીય સુવિધાઓ સમાવેશ થાય છે. પ્રાચીન સમય કરતાં આધુનિક સમયમાં આ બધી સુવિધાઓમાં વધારો થયો છે. પરંતુ પૂરતા પ્રમાણમાં સુવિધા મળી રહેતી નથી. ભારત દેશમાં આંતરમાળખાકીય સુવિધામાં મોટો ફેરફાર થયો નથી. તેનાથી અત્યારે પણ ગ્રામીણ વિસ્તારોમાંથી માલ - સામાનની હેરાફેરી થય શકતી નથી. નાના વિસ્તારોમાં આરોગ્યની યોગ્ય સુવિધા મળી રહેતી નથી. ગ્રામીણ વિસ્તારમાં પાણીની સમસ્યા રહે છે. આ બધી જ અવિકસિત માળખાકીય સુવિધા છે. જેનો વિકાસ થયો નથી. આ બધી માળખાકિય સુવિધાઓમાં વધારો કરી લોકોના જીવનધોરણમાં સુધારો કરી શકાય છે. જીવનધોરણમાં સુધારો થશે અને ઉત્પાદનમાં વધારો થશે. તેનાથી આવકમાં વધારો થશે. આવક વધતાં અર્થતંત્રની સ્થિતિમાં સુધારો થશે. આમ, અવિકસિત આંતરમાળખાકીય સુવિધાએ લોકોનો વિકાસ અવરોધાય છે. જે એક મોટી સમસ્યા છે.

**7) મૂડી નિર્માણનો નીચો દર**

જેના પાસે ઓછી મૂડી છે. તે ઓછું મૂડી નિર્માણ કરી શકે અને જેની પાસે વધારે મૂડી છે તે વધારે મૂડી રોકાણ કરી ઉત્પાદનમાં અને આવકમાં વધારો કરી શકે છે. ભારત પાસે બીજા દેશ કરતાં ઓછી મૂડી છે. તે નિકાસ કરતાં આયાત વધારે પ્રમાણમાં કરે છે. તેથી મોટા ભાગની મૂડી આયાતની ચૂકવણી કરવામાં વપરાય છે. જેથી તે દેશના વિકાસના ક્ષેત્રોમાં મૂડીરોકાણ કરી શકતા નથી. આમ, નવી મૂડીનું સર્જન થતું નથી. તેથી મૂડીરોકાણમાં અવરોધ આવે છે. ઉત્પાદનમાં ઘટાડો થાય છે. બેરોજગારીમાં વધારો થાય છે. આવકમાં ઘટાડો

થાય છે. તેથી દેશની સ્થિતિ નબળી બને છે. આમ, સમસ્યા ઉત્પન્ન થાય છે. મૂડી નિર્માણનો નીચો દર ભારતીય અર્થતંત્રમાં સમસ્યા બની રહે છે.

**8) રાષ્ટ્રીય અને માથાદીઠ ઓછી આવક**

દેશનો વિકાસ જાણવા માટે રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકની ગણતરી કરવામાં આવે છે. જે દેશની રાષ્ટ્રીય આવક વધારે તે દેશનો આર્થિક વિકાસ સારો અને જે દેશની રાષ્ટ્રીય આવક ઓછી તે દેશનો આર્થિક વિકાસ ઓછો છે તેમ કહી શકાય. રાષ્ટ્રીય આવકમાં સમગ્ર દેશના સંદર્ભમાં અને માથાદીઠ આવકમાં વ્યક્તિના સંદર્ભમાં ગણતરી કરવામાં આવે છે. રાષ્ટ્રીય આવક વધે એટલે દેશનો વિકાસ થયો એમ કહી શકાય નહિ. કારણ કે આવકનો મોટો ભાગ ધનવાન વર્ગને જ મળે છે. ગરીબ વર્ગને મળતો નથી. તેથી ધનવાન વધારે ધનવાન અને ગરીબ વધારે ગરીબ બને છે. એને આર્થિક વિકાસ થયો કહેવાય નહિ. આમ, રાષ્ટ્રીય અને માથાદીઠ આવકની સમસ્યા રહે છે.

**9) આવક અને સંપતિમાં મોટી અસમાનતા**

ભારત જેવા દેશોમાં વારસાને વધારે મહત્વ આપવામાં આવે છે. જેને તેના વારસામાં વધારે સંપતિ મળે છે તે ધનવાન માનવામાં આવે છે. જેને વારસામાં સંપતિ હોતી નથી તેને ગરીબ માણવા આવે છે. જેની પાસે સંપતિ છે તે પોતાની સંપત્તિનું મૂડીરોકાણ કરીને વધારે આવક પ્રાપ્ત કરી શકે છે અને ધનવાન બને છે. જે વ્યક્તિ પાસે સંપતિ નથી તેની પાસે આવકનું સાધન હોતું નથી. તેથી તે ગરીબ ગણાય છે. બધા જ લોકોની આવક સરખી હોતી નથી. આમ, આવક અને સંપતિની આસમાન વહેંચણીની સમસ્યા જોવા મળે છે.

**તારણો**

- ભારતની મુખ્ય સમસ્યાઓ ગરીબી, બેકારી, વસ્તી વધારો વગેરે છે.
- ભારતમાં ઉત્પાદન, આવક, મૂડીરોકાણ વગેરેમાં ઘટાડો થાય છે.
- લોકોના જીવનધોરણમાં સુધારો થતો નથી.

- આંતરમાળખાકીય સુવિધાઓમાં ઘટાડો થાય છે.
- અર્થતંત્ર પર નકારત્મક અસર પડે છે.

## ઉપસંહાર

ભારતીય અર્થતંત્ર વિકાસની સિદ્ધિઓ હાંસલ કરવા તરફ પ્રયત્ન કરે છે. પરંતુ તેમાં ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેનાથી દેશનો વિકાસ કરી શકાતો નથી. ભારતના અર્થતંત્રમાં વસ્તી વધારો, ગરીબી, બેરોજગારી, પ્રદૂષણની સમસ્યા વગેરેને કારણે અર્થતંત્રમાં સુધારો જોવા મળતો નથી. ભારતના વિકાસ માટે આ બધી સમસ્યાઓનો ઉકેલ શોધવો અને દેશના વિકાસના પ્રયત્ન કરવામાં આવે. ત્યારે ભારતીય અર્થતંત્રમાં ઉદ્દભવતી સમસ્યા નિવારી શકાય છે.આમ, ભારતીય અર્થતંત્રને સુધારવા માટે સરકારે પ્રયત્ન કરવા અને લોકોના કલ્યાણ માટેની યોજનાઓને અમલમાં મૂકવી. તેથી અર્થતંત્રમાં સુધારો લાવી શકાય છે.

## સંદર્ભસૂચિ


- https://youtu.be/WRNDp7BQ8yU
- https://en.m.wikipedia.org › Economy of India
- https://economictimes.indiatimes.com › Economy News - The Economic Times
- https://www.ibef.org › India's Economic Growth - Government Policies
- https://www.oecd.org › India Economic Snapshot - OECD
- https://www.adb.org › India: Economy | Asian Development Bank
- https://www.indiabudget.gov.in › Economic Survey - India Budget

Certificate No.:010106202311


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (ON-LINE)

International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**Parmar Urmilaben Gordhanbhai**

In recognition of the publication of the paper entitled

**ભારતીય અર્થતંત્રની મુખ્ય સમસ્યાઓ**

Published in Volume 01, Issue 01, June 2023.

**EDITOR IN CHIEF**